विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com
Website : www.vskgujarat.com

વર્ષ : ૪ | અંક : ૭૩ | દિનાંક : ૦૧.૪.૨૦૧૮ | સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## લિથુઆનિયા હિન્દુરાષ્ટ્ર છે. ભારત પણ અમારી માતૃભૂમિ છે – લિથુઆનિયા ગુરુમાતા, ઇનિજા ટ્રિંકુનેઈન

લિથુઆનિયા યુરોપનો નાનકડો દેશ છે. ૧૪મી સદીમાં આ દેશ યુરોપનો સૌથી મોટો દેશ હતો. તેમાં ઘણા રાજનીતિક ચઢાવ-ઉતાર આવ્યા. આ દેશને રશિયા, જર્મની તથા સોવિયેત સંઘે તેમના અધિકારમાં લીધો હતો. તેમણે અહીંની રોમવા જનજાતિમાં ધર્મપરિવર્તન કરાવી ઈસાઈકરણ કર્યું હતું. પણ 300 વર્ષથી સંઘર્ષ કરી અહીંથી પ્રજાએ તેમનના મૂળ હિન્દુધર્મના મૂલ્યોને જાળવી રાખ્યા છે. હિટલરનું દમન પણ તેમણે સહન કર્યું હતું. અખિલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમ આયોજિત રાયપુરના એક કાર્યક્રમમાં લિથુઆનિયાના ગુરુમાતા ઈનિજા ટ્રિંકુનેઈને ચોંકાવનારી માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે અમારી જનજાતિએ તેની મૂળ હિન્દુ જીવન પદ્ધતિને જાળવી રાખી છે. અમે અંધારામાં પણ દેવીદેવતાઓની પૂજા કરી હિન્દુ-સનાતન ધર્મને જાળવી રાખ્યો છે. અમારી લગ્નવિધિ હિન્દુ પરંપરા પ્રમાણે અગ્નિની સાક્ષીએ થાય છે. ભારત અમારી મૂળ માતૃભૂમિ છે. ભારતમાંથી મળેલ સાંસ્કૃતિક વારસો અમારો પ્રાણ છે.

અખીલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમના આ કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકારીણીના સદસ્ય મેજર સુરેન્દ્ર નારાયણ માથુરે જણાવ્યું કે લિથુઆનિઆના કેલેન્ડરમાં અમાસ્યાના દિવસે પિતૃશ્રાદ્ધનો પણ ઉલ્લેખ છે. આ દેશની ન્યૂઝ એજન્સીનું નામ પણ 'અલકા' છે. અહીંની ભાષામાં સંસ્કૃતના ૧૦,૦૦૦ (દસ હજાર) શબ્દો જોવા મળે છે. અહીં ધાર્મિક પ્રસંગો તથા લગ્નવિવાહ માટે ભારતીય પુરોહિતોની ઘણી માગ હોય છે. ગુરુમાતાના પતિની ઇચ્છા પ્રમાણે તેમની તર્પણ ક્રિયા કેરલમાં વિધી વિધાન પ્રમાણે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે આદિમજાતિ વિકાસ તથા શિક્ષામંત્રી કેદાર કશ્યપે જણાવ્યું કે બધા દેશોની ભાષાઓ અલગ છે પણ ભારતની સંસ્કૃતિમાં સમાયેલી પ્રેમની ભાષા બધામાં જ છે જે સર્વશ્રેષ્ઠ છે જે ભારતની વૈશ્વિક ઓળખ છે. દેશ-વિદેશના વનવાસીઓએ હિન્દુ પરંપરાઓને જાળવવામાં અમૂલ્યફાળો આપ્યો છે.

## મૂલ્ય આધારિત પરંપરાને કારણે દુનિયામાં ભારતનું સન્માન થાય છે – સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોનું પૂર્ણ ગણવેશ સાથે એકત્રીકરણ – સંઘ સમાગમ દેશભરમાં યોજાય છે. આવું જ એક એકત્રીકરણ કાશી મહાનગર (ઉત્તર તથા દક્ષિણ)માં સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના વિશાળ મેદાનમાં યોજાયું હતું. સ્વયંસેવકોને સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે સંબોધ્યા હતા. તેમણે સ્વયંસેવકોને માર્ગદર્શન કરતાં કહ્યું કે : 'સંઘ સમાગમમાં આપણે સ્વયંસેવકોની ભીડ એકઠી કરતાં નથી પણ તેમના ત્યાગ અને તપસ્યાને કારણે આ સંઘસમાગમ છે. આમાં શક્તિપ્રદર્શનનો અહંકાર નથી પણ સમાજના સામાજિક સમરસ સંગઠનનો ભાવ છે. તેમણે વધુમાં જણાવ્યું કે આર્થિક, સામાજિક તથા નૈતિક દૃષ્ટિથી ભારત પ્રથમ શતાબ્દી સુધી વિશ્વગુરૂ હતું. પણ નવમી શતાબ્દી પછી તેમાં ઓટ આવી હતી. છતાં આપણા સામાજિક મૂલ્યો સચવાઈ રહ્યાં છે. આ મૂલ્યો વિશ્વના અનેક દેશોમાં ભારતીયોએ પહોંચાડ્યા છે. આ આપણી જીવનમૂલ્યો

આધારિત સાંસ્કૃતિક પરંપરાને વિવિધ ક્ષેત્રોના મહાપુરુષોએ જીવંત રાખી છે અને તેના કારણે જ વિશ્વમાં ભારતનું સન્માન થાય છે.'

## ભારતમાં સૌ પ્રથમ થિયેટર ઓલિમ્પિક્સ

રમત-ગમતક્ષેત્ર માટે ઓલિમ્પિક્સ શબ્દ વિશ્વવિખ્યાત છે. પણ થિયેટર ક્ષેત્ર માટે ઓલિમ્પિક્સ જિજ્ઞાસાનો વિષય છે. ૧૯૯૩માં આ થિયેટર ઓલિમ્પિક્સની શરૂઆત ગ્રીસમાં થઈ હતી. વિશ્વના દેશોમાં આર્ટ (કલા) આગવી શૈલીમાં હોય છે. ચલચિત્ર જગતનો ઉદ્‌ભવ નાટ્યકળામાંથી થયેલ છે. દેશની વિવિધ સામાજિક, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક ઘટનાઓની રજૂઆત નાટ્યસ્વરૂપે ભજવાતી હોય છે. વિશ્વના દેશો એક-બીજા સાથે નાટ્યપ્રવૃત્તિના માધ્યમથી જોડાય તથા તેમની મનોરંજન કલા અને સંસ્કૃતિનું આદાન-પ્રદાન થાય એ હેતુથી આવા પ્રકારની ઓલમ્પિક્સનો પ્રારંભ થયો છે. રશિયા, ચીન, જાપાન, ગ્રીસ, તૂર્કી, દક્ષિણ કોરિયા અને પોલેન્ડમાં નાટ્યઉત્સવ યોજાયા પછી ભારતમાં ૧૭મી ફેબ્રુઆરીથી ૮ એપ્રિલના ૫૧ દિવસનો આ ઉત્સવ યોજાયો છે. આ માટે ભારતમાં મુંબઈ, દિલ્હી, કોલકતા, બેંગલોર, જયપુર, ચંદીગઢ તથા અમદાવાદ શહેરોની પસંદગી થઈ છે. અમદાવાદમાં ૨૪ માર્ચથી આ ઉત્સવનો પ્રારંભ થયો છે. જે ૭ એપ્રિલ સુધી ચાલશે. આ થિયેટર ઓલમ્પિક્સનો પ્રારંભ ૨૪ માર્ચે રાત્રે ૯ કલાકે કલાકાર મનોજ જોષીના વરદ્‌હસ્તે થયો હતો. અમદાવાદમાં ડિરેક્ટર રાધા રાજારેડ્ડીનું 'ભાગવદાજ્જુકેયમ' જર્મનીનું 'એડિથ પેફ', 'જોગિયાર મહાભારત', આસામનું 'ચિત્રાંગદા' તથા કલકત્તાનું 'આત્મકથા' થિયેટર ઓલમ્પિક્સના મુખ્ય આકર્ષણો છે.

## દીપ પ્રજ્જ્વલિત કરવાનો વિશ્વરેકોર્ડ

રાજિમ કુંભ કલ્પમાં ભવ્ય દિવ્ય સંત સમાગમનું આયોજન થયું હતું. માધી પૂર્ણિમાથી મહાશિવરાત્રી સુધી યોજાતા આ રાજિમ કલ્પકુંભમાં ૨૧૦૦૦ શ્રદ્ધાળુઓએ ૩,૬૧,૦૦૦ દીપ પ્રજ્જ્વલિત કરીને વિશ્વકિર્તિમાન સ્થાપ્યો છે. વિશ્વશાંતિ તથા છત્તીસગઢની સમૃદ્ધિ માટે પ્રતિવર્ષ આ કુંભમેળો યોજાય છે. ગોલ્ડન બુક ઓફ રેકોર્ડના એશિયાના પ્રમુખ ડૉ. મનીષ વિશ્નોઈએ આ વિશ્વરેકોર્ડનું પ્રમાણપત્ર મુખ્યમંત્રી ડૉ. રમન સિંહ, ધર્મસ્વમંત્રી શ્રી વ્રજમોહન અગ્રવાલ તથા સચિવ શ્રી સોનમણિ વોરાએ ગ્રહણ કર્યું હતું.

## ગુજરાતના પક્ષીપ્રેમી જગતભાઈનું 'સેવ ધ સ્પેરો' અભિયાન (ચકલી બચાવો અભિયાન)

અમદાવાદના શ્યામલ વિસ્તારમાં રહેતા જગતભાઈ ૨૦૦૮થી ચકલી બચાવો અભિયાન ચલાવે છે. તેમણે આઠ વર્ષમાં ચકલીના ૫૦,૦૦૦ (પચાસ હજાર) માળા બચાવ્યા છે તથા વિકસાવ્યા છે. તેઓ સેમિનાર યોજી મફત ચકલીના માળાઓનું વિતરણ કરે છે. અત્યાર સુધીમાં તેમણે ૫૭૦૦૦ માળાઓનું વિતરણ કર્યું છે. તેઓ કહે છે કે ચકલીનો માળો તેનું મેટરનીટી હોમ છે. ચકલીને દિવસ દરમિયાન ૩થી ૪ ગ્રામ દાણા તથા ચાર ચમચી પાણી જોઈએ છે. શું આપણે આટલું ન કરી શકીએ ? ઘરની સાફસૂફીમાં આ માળાઓ નષ્ટ ન કરતાં ચકલી સાથે પ્રેમ કરવાની સલાહ જગતભાઈ આપે છે. પર્યાવરણને આપણી જરૂર નથી પણ આપણને પર્યાવરણની જરૂર છે. તેમણે લખેલું પુસ્તક 'સેવ ધ સ્પેરો' વાંચવા જેવું છે. શ્રી જગતભાઈ પાસે ચકલીનો ૫૨૦૦થી વધુ ફોટા તથા વિડિયોનો સંગ્રહ છે. લુપ્ત થતા પક્ષી ધનમાં ચકલીને બચાવવા માટે આપણે પણ શ્રી જગતભાઈમાંથી પ્રેરણા મેળવવી રહી.

## ઇન્ડોનેશિયાની રાજકુમારીએ પોતાનો મૂળ હિન્દુ-સનાતનધર્મ સ્વીકાર્યો – ઘર વાપસી

ઇન્ડોનેશઇયામાં જાવા સૌથી મોટો પ્રદેશ છે. દેશમાં મોટાભાગના નાગરિકો જાવાના છે. ઇન્ડોનેશિયા ઘણા દ્વિપ સમૂહોનો દેશ છે. અહીં રાષ્ટ્રપતિ હોય છે. પણ બ્રિટનની જેમ અહીં રાજવી પરિવાર પણ મહત્ત્વનો હોય છે. આ રાજપરિવારની રાજકુમારી કંજેગ રાડેને ઈસ્લામનો ત્યાગ કરી સંપૂર્ણ પણે સનાતન-હિન્દુધર્મનો સ્વિકાર કર્યો છે. રાજકુમારીએ સનાતન ધર્મની વિધિ પ્રમાણે સંપૂર્ણ પણે સનાતન ધર્મ સ્વીકારી-ઘર વાપસી કરી છે. હવે તે હિન્દુ બની ગયાં છે. તેમણે કહ્યું કે મેં ધર્મપરિવર્તન કર્યું નથી પણ તેઓ પોતાના મૂળધર્મમાં

પાછા ફર્યા છે. આજનું ઇન્ડોનેશિયા મુસ્લીમ બહુમતી ધરાવતો દેશ છે. પણ સદીઓ પહેલાં તે હિન્દુ રાષ્ટ્ર હતું. આજે પણ હિન્દુઓના પ્રતિક અહીં જોવા મળે છે.

## સમાજનું ઋણ ચૂકવતા ગુજરાતના કેશુભાઈ ગોટી, સૂરતના વનવાસીઓમાં સેવાકાર્ય

સૂરતના નિવાસી કેશુભાઈ ગોટી હિરાના વેપારી છે. તેમણે એક પુસ્તકમાં વનવાસી ખેડૂતોના બાળકોના અભ્યાસની સમસ્યાઓ વાંચી. આવા બાળકોના શિક્ષણની ચિંતા કેશુબાઈ ગોટીએ કરી. તેમણે આ બાળકોના ૧૦૮ છાત્રાલયોના નિર્માણનો સંકલ્પ કર્યો. તેમણે અત્યાર સુધી ૨૭ છાત્રાલયો બનાવ્યા છે. એક છાત્રાલયના નિભાવ માટે ૨૫ થી ૩૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. તેમાં તેમણે ૫૦ ટકા રકમ લોકોના સહકારથી મેળવી છે. શ્રી કેશુભાઈ દક્ષિણ ગુજરાતનાં ડાંગ, વલસાડ, નવાસરી, વ્યારાથી માંડી દાહોદના વનવાસી ક્ષેત્રમાં આ સેવાકાર્ય કરે છે.

શ્રી કેશુભાઈ ૧૯૭૨માં સુરતથી મુંબઈ હીરાનું કામ શીખવા ગયા હતા. ખૂબ મહેનત કરી તેમણે પુનઃ સુરત આવી હીરા ઉદ્યોગમાં જંપલાવ્યું હતું. હાલમાં તે ૫૦૦ કારીગરોને કામ આપી હીરા ઉદ્યોગ ચલાવે છે. તેમનો ૨૦૦ કરોડનો કારોબાર છે. હીરા ઉદ્યોગના આ સેવાભાવી શ્રેષ્ઠીએ સમાજનું ઋણ ચૂકવીને ગુજરાતના સેવાભાવી ઉદ્યોગકારોને સેવાની પ્રેરણા આપી છે.

## કર્ણાટકમાં લિંગાયતને અલગ ધર્મનો દરજ્જો આપવું રાક્ષસીકૃત્ય છે – સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત

નાગપુરના રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના એક કાર્યક્રમમાં સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે લિંગાયતને અલગ ધર્મ ગણવો તે દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ હોવાનું જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે દેશની પ્રજાને ધર્મને આધારે અથવા જાતિને આધારે વિભાજન કરવાનું કૃત્ય રાક્ષસીકૃત્ય છે. ભારત દેશ મૂલતઃ હિન્દુ સંસ્કૃતિથી એકાત્મ ધરાવે છે. પૂજા પદ્ધતિ ભલે ભિન્ન હોય પણ મૂલતઃ દેશનો નાગરિક હિન્દુ છે. કર્ણાટક સરકારે 'લિંગાયત'ને અલગ ધર્મ ગણાવી – આરક્ષણ તથા લઘુમતિના લાભ આપવાનો ઠરાવ કરી મેલી રાજનીતિ કરી છે. દેશની શાંતિ તથા સમદ્ધિ માટે સામાજિક સમરસતા એકમાત્ર ઉપાય છે.

## આફ્રિકાના જંગલોને અભયારણ્યનું રક્ષણ આપતી ગુજરાતની સ્વામીનારાયણ સંસ્થા

સ્વામીનારાયણ ગાદી સંસ્થાન મણિનગર દ્વારા આફ્રિકાના જંગલોમાં નિવાસ કરતાં પ્રાણીઓના રક્ષણ માટે તથા તેમના સ્વાસ્થ્ય માટે ૧૦ વર્ષમાં ૧૫ કરોડ જેટલી માતબર રકમની સેવા આપી છે. ગાદી સંસ્થાઓના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ આફ્રિકા ખંડના વિવિધ ૨૦થી વધુ સ્વામીનારાયણ મંદિરના ભક્તોના સૂચનથી આ સેવાકાર્ય શરૂ કર્યું છે. જંગલના હાથી, દીપડા તથા ગેંડા જેવા અમૂલ્ય જાનવરોનો શિકાર ન થાય તથા તેમની સુશ્રુષા માટે ડૉક્ટરોની સેવા અંગે પણ આ સંસ્થાએ મહત્વનું યોગદાન આપ્યું છે. સંસ્થા દ્વારા ૧૦ હાથીને પણ દત્તક લીધા છે. આફ્રિકામાં રહેતા હરિભક્તો જંગલોનો પ્રવાસ કરે છે. ગાર્ડ પણ રાખે છે. પ્રાણીઓના સંવર્ધન માટે પણ પ્રતિવર્ષ ૧ કરોડના ખર્ચ પણ ભક્તો સ્વયં ઉપાડે છે. આ સંસ્થાએ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં પણ સ્થાનિક આદિવાસીઓની મદદથી આવું જ સેવાકાર્ય પણ શરૂ કર્યું છે.

## મનુષ્યે બનાવેલું આર્ટીફીશ્યલ 'મીટ' (માંસ) પ્રાણીઓનું જીવન બચાવશે

ભારતીય મૂળની કેનેડામાં રહેતી ઈશા દાતાર એમ. બાયોટેકની ઉપાધી ધરાવે છે. આ જૈવવિજ્ઞાનિકે પ્રાણીઓના શરીરના સેલમાંથી તેના જેવા જ અનેક કોષોનું આર્ટીફીશ્યલ ઉત્પાદન લેબોરેટરીમાં કર્યું છે. પ્રાણીને માર્યા વિના તેમના શરીરના પ્રોટીનયુક્ત તથા ચરબી આધારિત કોષો મેળવી તેમાંથી અનેક ગણા કોષોને ઉગાડી શકાય છે તથા રાંધી પણ શકાય છે. માંસાહારી લોકો આ કૃત્રિમ 'મીટ'ના સ્વાદને પ્રાણીઓની હિંસાથી મળતા 'મીટ' જેવો જ અનુભવશે. કૃષિ જમીનનો ૭૦ ટકા ભાગ પ્રાણીઓના ઉછેરમાં થાય છે. જો આ પ્રાણીઓની માંસ માટે હિંસા ન થાય તો પ્રાણીઓમાંથી મળતું દૂધ તથા તેની બનાવટો તેમના કુદરતી મૃત્યુબાદ મળતા ચામડા અને હાડકાંઓમાંથી

અનેક ઉદ્યોગો વિકસાવી શકાશે. ઈશા દાતારની સાથે અન્ય જૈવવિજ્ઞાનિકો પણ આ કૃત્રિમ ‘મીટ’ના સંશોધનમાં લાગેલા છે. આ એનિમલ ફ્રેન્ડલી ‘મીટ’ની શોધ પર્યાવરણ તથા પ્રાણીઓના સંરક્ષણ માટે ઐતિહાસિક શોધ છે.

## વિકલાંગોને પ્રેરણા આપતી મહિલા મોટિવેશનલ સ્પીકર માલવિકા ઐયર

તામિલનાડુમાં જન્મેલ માલવિકા ઐયરે નાની ઉંમરે અકસ્માતથી બે હાથ ગુમાવ્યા હતા. ભારે વસ્તુની શોધમાં હાથમાં ગ્રેનેડ બોમ્બ ઉપાડ્યો જે હાથમાં જ ફૂટી ગયો. ૧૮ મહિના હૉસ્પિટલમાં વિતાવ્યા પછી માલવિકાની કસોટી શરૂ થઈ. તેણીએ હિંમત રાખી લહિયાની મદદથી એસએસસીની પરીક્ષા પાસ કરી. બીજા નંબરે બોર્ડમાં આવવાથી હિંમત વધી. ત્યારબાદ દિલ્હીની સ્ટીફન કોલેજમાંથી સોશીયલ સર્વિસમાં એમ.એ. કર્યું તથા ૨૦૧૨માં મદ્રાસની એક કોલેજમાંથી પીએચ.ડી. કર્યું. તેણીએ બનાવટી હાથ પહેરીને મોટિવેશનના લેક્ચર આપવાનું શરૂ કર્યું. માલવિકાએ ન્યોર્ક, નોર્વે, ઇન્ડોનેશિયા તથા કોરિયા સહિતના ઘણા દેશોમાં મોટિવેશનલ લેક્ચર આપ્યા છે. હાલમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે માલવિકાને ‘નારીશક્તિ’ એવોર્ડ એનાયત કર્યો છે. આ અગાઉ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ માલવિકાને રાષ્ટ્રપતિ ભવનમાં આમંત્રણ આપી બહુમાન કર્યું હતું.

## અમેરિકામાં કૉફી પર મહાભારત કોફીનું સેવન કેન્સરને નોંતરે છે

અમેરિકાના ખાદ્ય વૈજ્ઞાનિકોએ કોફીના સેવનથી કેન્સર થવાનો ભય દર્શાવ્યો છે. કોફીમાં એક્રાઈલ-એમાઈડ નામનું રસાયણ હોવાનું પૃથક્કરણ કરીને કોફીના સેવથી કેન્સર થવાનું જણાવી અમેરિકા તથા વિશ્વમાં મહાભારત સર્જાયું છે. કોફી ઉત્પન્ન કરતા દેશોમાં ભારત ત્રીજા સ્થાને છે. પણ દેશમાંથી ૭૦ ટકા કોફી વિદેશમાં જાય છે જ્યારે ૩૦ ટકા કોફી ભારતમાં વપરાય છે. કોફીના ઉત્પાદકો અને તેનું સેવન કરાવતી મેકડોનાલ્ડ જેવી કંપનીઓ વચ્ચે વિવાદ થયો છે. અમેરિકાના કેલિફોર્નિયાની લોસએન્જલન્સની કોર્ટે એક ચૂકાદો આપી અમેરિકાની નેવું કંપનીઓને તેમના કૉફીના મશીન પર કે કૉફીના ગ્લાસ પર ‘કૉફી પીવાથી કેન્સર થાય છે’ તેવું દર્શાવવું પડશે. તમાકુના સેવનથી કેન્સર થાય છે તેવું સીગારેટના પાકીટ પર લખવું પડે છે તેવું લખાણ કૉફી માટે પણ લખવાનું હોવાથી હૉટેલ ઉદ્યોગમાં ખળભળાટ મચ્યો છે. વાસ્તવમાં આ એક્રેલાઈટ રસાયણ સ્ટાર્ચ અને સુગરને ભેગા ૧૨૦ અંશ સેલ્સીયસ તાપમાને ઊકાળવાથી ઉદ્‌ભવવાનું માલુમ પડ્યું છે. બટાટાની ફ્રેચપાઈસ (ચીપ્સ)ને પણ વધુ તળવાથી પણ આ રસાયણ ઉદ્‌ભવે છે. તેથી ખાદ્ય નિષ્ણાતોના મતે તળેલા પદાર્થો તથા વધુ ઉકળેલ કૉફીને પણ જોખમી ગણાવી છે.

## હોટલના વેટરે વિદ્યાભારતી સંચાલિત સરસ્વતી શિશુ મંદિરના સેવાકાર્યને બીરદાવ્યું

દેશમાં સરસ્વતી શિશુમંદિર વિદ્યા દાનનું શ્રેષ્ઠ સેવાકાર્ય કરે છે. દેશના બાળકોની નવી પેઢીમાં શિક્ષણની સાથે સંસ્કારના સિંચનનું કામ આ સંસ્થા કરે છે. ૧૯૫૨માં સર્વપ્રથમ સરસ્વતી શિશુમંદિરની સ્થાપના ગોરખપુરમાં થઈ હતી. માત્ર પાંચ રૂપિયાના માસિક ભાડાથી એક મકાનમાં તેની આધારશીલા મૂકાઈ હતી. સમાજમાં ધીરે-ધીરે ઉત્તર પ્રદેશની સાથે સંપૂર્ણ દેશમાં આવા અનેક શિશુમંદિરોનો પ્રારંભ થયો હતો. આ શિશુમંદિરોએ ૧૯૭૭માં અખીલ ભારતીય સ્વરૂપ ધારણ કર્યું. જેમાંથી વિદ્યાભારતી સંસ્થાનો પ્રારંભ થયો. ભારતના સરહદી વિસ્તારોમાં વિદ્યાભારતીએ આસામ, પં. બંગાળ, જમ્મુ-કાશ્મીર તથા અન્ય પ્રદેશોમાં આ વિદ્યાદાનનું મહત્વનું સેવાકાર્ય કર્યું છે. લઘુમતિ તુષ્ટિકરણની મેલી રાજીનતિ કરતી પં. બંગાળની તથા જમ્મુ-કાશ્મીરની સરકારોએ આ સેવાકાર્યમાં અનેક વિઘ્નો નાખ્યા હતા. છતાં આ સેવાકાર્ય અવિરત ચાલુ છે. તાજેતરમાં આસામમાંથી સરફરાજ નામના વિદ્યાર્થીએ ૬૦૦માંથી ૫૯૦ ગુણ મેળવી સીબીએસસી બોર્ડની પરીક્ષામાં સર્વોત્તમ દેખાવ કર્યો હતો. તેના પિતા એક હૉટલના વેટર છે. તેમણે દેશના લઘુમતિઓ તથા અન્ય દેશવાસીઓને સંદેશો આપ્યો છે કે ‘આ વિદ્યાભારતના સરસ્વતી શિશુમંદિરો કોઈપણ જાતના ભેદભાવ વિના બાળકોમાં નિઃશુલ્ક શિક્ષણની સાથે સંસ્કાર સિંચનનું ઉમદાકાર્ય કરે છે. જે આપણા માટે ઉત્તમ છે. બાળકોના ઘડતરમાં સરસ્વતી શિશુમંદિર સિવાય અન્ય કોઈ સારી જગ્યા ન હોઈ શકે.’ * * *